

# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૭ * માર્ચ, ૨૦૧૩



श्री ... न    श्री सीमन्धरस्वामी    श्री पद्मप्रभ भगवान



મારી સુવર્ણપુરીમાં સીમંધરજી પધારીયા રે;
શ્રી જિનેન્દ્રદેવના વૈભવની શી વાત,
મારે આંગણ આજે કલ્પવૃક્ષ ઊગીયો રે,
મારું હૈડું હરખે હલમલ હલમલ થાય,
મારા ઉરમાં આજે સોના સૂરજ ઊગીયો રે.

(-વિ.સં. ૨૦૬૯, ફાગણ સુદ-બીજ
જિનમંદિરનો ૭૩ મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન)

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જેવી રીતે ખોબામાંથી પાણી ક્રમે ક્રમે ઘટે છે, તેવી રીતે સૂર્યના ઉદય-અસ્ત થાય છે અને પ્રતિદિન જિંદગી ઓછી થાય છે. જેવી રીતે કરવત ખેંચવાથી લાકડું કપાય છે, તેવી જ રીતે કાળ શરીરને ક્ષણે ક્ષણે ક્ષીણ કરે છે. આમ છતાં પણ અજ્ઞાની જીવ મોક્ષમાર્ગની શોધ કરતો નથી અને લૌકિક સ્વાર્થ માટે અજ્ઞાનનો ભાર ઉપાડે છે, શરીર આદિ પરવસ્તુઓમાં પ્રેમ કરે છે, મન, વચન, કાયાના યોગોમાં અહંબુદ્ધિ કરે છે અને સાંસારિક વિષયભોગોથી જરા પણ વિરક્ત થતો નથી. ૧૩૨૮.

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર, ગાથા-૨૬)*

* જે ઇન્દ્રિયોંકે વિષયોંકે વિના હી અપને આત્મામેં આત્માસે હી સેવન કરનેમેં આતા હૈ ઉસકો હી યોગીશ્વરોંને આધ્યાત્મિક સુખ કહા હૈ. ૧૩૨૯.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૦, શ્લોક-૨૪)*

* જેમ વીજળીથી ભરેલા ઘરની દીવાલોમાં બારી-બારણા હોય ને તેમાંથી પ્રકાશનાં કિરણો બહાર ફેલાય, તેમ કરોડો સૂર્યો જેવો પ્રભાવાન આત્મા આ શરીરમાં રહેલો છે, તેના કિરણોના ફેલાવ માટે આ પાંચ ઇન્દ્રિયોરૂપી બારી છે. ૧૩૪૨.

*(શ્રી નેમિશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૭૩)*

* જુઓ! આ અનંતજ્ઞાનનો ધણી પોતાને ભૂલી દુઃખી થાય છે. હાંસી થતાં માણસ શરમિંદો થાય છે, તે ફરીથી હાંસીનું કામ કરતો નથી. (પણ) આ જીવની અનાદિકાળથી જગતમાં હાંસી થઈ રહી છે છતાં લાજ ધરતો નથી. ફરીફરી એની એ જ જૂઠી રીતને પકડે છે. જેની વાત કરતાં અનુપમ આનંદ થાય એવું પોતાનું પદ છે તેને તો ગ્રહણ કરતો નથી અને પરવસ્તુની તરફ દેખતાં જ ચોરાશીનું બંદીખાનું છે તેને ઘણી રુચિપૂર્વક સેવે છે. ૧૩૪૩. *(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનુ-૨૩)*

* જે કહેવા જેવું જ હતું તે અશેષપણે કહેવાયું છે, એટલાથી જો કોઈ અહીં ચેતે—સમજે તો. (બાકી તો) વાણીનો અતિ વિસ્તાર કરવામાં આવે તોપણ નિશ્ચેતનને (—અણસમજુને, જડ જેવાને) ખરેખર વ્યામોહની (—મોહની) જાળ અતિ દુસ્તર છે. ૧૩૪૪. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર—ટીકા, કળશ-૧૪)*

* પૂર્વકાલમેં હજારો પાપ કરકે તથા સેંકડોં જીવોંકો મારકર તિર્યંચ ભી ઇસ (નમસ્કાર) મહામંત્રકો શુદ્ધભાવોંસે આરાધન કરકે, સ્વર્ગકો પ્રાપ્ત હુએ હૈં. ઉનકી કથા પુરાણોંમેં પ્રસિદ્ધ હૈ. ૧૩૪૫. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ—૩૮, શ્લોક-૪૬)*

વર્ષ–૭
અંક–૭




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૯
March
A.D. 2013


# આત્માનો આશ્ચર્યકારી સર્વજ્ઞ સ્વભાવ

(શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર ૧૫મી વારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૨, પૂર્વાર્ધ)

અહીં પ્રથમ શ્લોકમાં અમૃતચંદ્રાચાર્યદેવ ઈષ્ટદેવને નમસ્કાર કરે છે. नमः समयसाराय....सर्वभावान्तरच्छिदे।

સમયસાર એટલે....આત્માના સ્વરૂપમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ નથી અને પરમાત્મા તે સર્વ કર્મોથી રહિત થઈ ગયા છે તેથી ઈષ્ટદેવ તરીકે પરમાત્માને અહીં નમકાર કર્યા છે અને આત્માનું સ્વરૂપ પણ એવું જ હોવાથી તેને પણ નમસ્કાર કર્યા છે. भावाय એટલે શુદ્ધ સત્તારૂપ વસ્તુ—આત્માનું સ્વરૂપ અને પરમાત્માનું સ્વરૂપ શુદ્ધ સત્તારૂપ છે તેનો સ્વભાવ चित्स्वभाव છે એટલે કે જ્ઞાન-દર્શન એ જ આત્માનું સર્વસ્વ છે. તે પ્રગટ કેમ થાય? કે સ્વાનુભૂતિની ક્રિયાથી સ્વભાવ પ્રગટ થાય છે. સ્વાનુભૂતિ એટલે અંતરની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતાની ક્રિયા. આ જ્ઞાનપ્રધાન કથન છે. ક્રિયા એટલે પર્યાય—વીતરાગી નિર્દોષ જ્ઞાનની ક્રિયા અર્થાત્ સંવર-નિર્જરારૂપ શુદ્ધતાની પર્યાય દ્વારા આત્મા પ્રગટ થાય છે—પ્રસિદ્ધ થાય છે. અહીં જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ આ ચારમાં બધા તત્ત્વો સમાડી દેશે.

કેટલાંક એમ કહે છે કે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે તે જ કાળે ઉત્પન્ન થયેલા જ્ઞાનને કેમ જાણે? પ્રવચનસારની ૩૬મી ગાથામાં આવે છે કે ભાઈ! જ્ઞાન ઉત્પન્ન થતાં જ તેને જાણતું જ ઉત્પન્ન થાય છે એ જ તેની વિશેષતા છે. જ્ઞાન જ્ઞાનને ઉત્પન્ન કરે અને જાણે નહિ એમ કેમ બને? જાણતું જ ઉત્પન્ન થાય એવો જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાનની પર્યાયમાં પણ પ્રમેયત્વગુણ વ્યાપેલો છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં પ્રમેયત્વગુણ વ્યાપેલો છે તેથી જ્ઞાનની જે પર્યાય ઉત્પન્ન થાય છે તેમાં જાણવાનો અને પ્રમેય થવાનો ધર્મ તેમાં રહેલો છે. એવો જ્ઞાનનો બેવડો સ્વભાવ છે. આ ચૈતન્યભગવાનની લીલા છે.

સમયે સમયે પોતામાં જ્ઞાનની એકાગ્રતાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે જ્ઞાન તે સમયે પોતાને ન જાણે અને બીજા સમયનું જ્ઞાન જાણે, બીજા સમયના જ્ઞાનને ત્રીજા સમયનું જ્ઞાન જાણે....એમાં કાંઈ મેળ ન રહે. ભગવાન આત્માની શક્તિ જ એવી છે કે તેની અંદર જે જે પર્યાય પ્રગટ થાય તેને જ્ઞાન જાણતું જ પ્રગટ થાય છે. જ્ઞાન બીજા ગુણની પર્યાયને જાણે છે તેમ જ્ઞાનગુણની પર્યાયને પણ પોતે જાણે છે. બીજાના અસ્તિત્વને જાણે તેમ જ્ઞાનને પણ જાણે. ઉત્પન્ન થતું જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞાનને જાણે અને પ્રમેય પણ થાય. પૂર્વક્ષણે જે જ્ઞાન ન હતું તે આ સમયે પ્રગટ થયું, તે પ્રમેય થતું અને પ્રમાણ કરતું જ પ્રગટ થાય છે. જો પોતાને ન જાણે તો તેમાં પ્રમેયત્વ ક્યાં આવ્યું! પ્રમેયત્વ વિભુ તરીકે સર્વગુણમાં વ્યાપેલો છે.

૪૭ શક્તિમાં બધું વર્ણન આવ્યું છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ બધા ગુણો આખા દ્રવ્યમાં વ્યાપ્ત છે. આ આત્મા સ્વ તરીકે ઈષ્ટ છે અને પર તરીકે પરમાત્મા ઈષ્ટ છે એ વ્યવહાર છે. આમ, જેને આત્મા અને પરમાત્મા ઈષ્ટ છે તે પોતાની સર્વજ્ઞદશા પ્રગટ કરવા જે સ્વાનુભૂતિની ક્રિયા કરે છે તે ક્રિયા ઉત્પન્ન થતાં પોતે પોતાને જાણે છે એવી જ્ઞાનની તાકાત છે. જે સમયે પ્રમાણજ્ઞાન પ્રગટ થાય તે જ સમયે તેને પ્રમેય ન કરે અને બીજે સમયે કરે તેમ ન બને. જે સમયે જ્ઞાન પ્રમાણ કરે છે તે જ સમયે પ્રમેય થાય છે. જ્ઞાનમાં જાણવાનો અને જણાવવાનો સમય જુદો નથી. વળી જ્ઞાન પોતે પોતાને નથી જાણતું એમ પણ નથી. આ સ્વાનુભૂતિના કાળની વાત કરી છે કે જ્ઞાન જે સમયે ઉત્પન્ન થાય છે તે જ્ઞાન પોતે પોતાને નથી જાણતું પણ અન્ય જ્ઞાનથી તે જાણી શકાય છે એવું નૈયાયિકો માને છે તેનો પણ અહીં નિષેધ થાય છે કેમ કે સ્વાનુભૂતિમાં જ્ઞાન પોતે જ પોતાને જાણે છે.

ભગવાન આત્મા અનંતગુણનું ધામ છે તેમાં એક વિભુ નામનો ગુણ છે અને એક પ્રમેયત્વ નામનો ગુણ છે તે દરેક ગુણમાં વ્યાપક છે તેથી જ્યારે ભગવાન આત્મા પોતાની સ્વાનુભૂતિની ક્રિયા કરે તે વખતે તે જ્ઞાન, જ્ઞાનને પણ જાણે અને શ્રદ્ધા, ચારિત્ર આદિ ગુણની ક્રિયાને પણ જાણે છે. ઉત્પન્ન થયેલા ભાવને જાણતું જ ઉત્પન્ન થાય એવો એ જ્ઞાનનો સ્વભાવ છે.

આત્મામાં સર્વજ્ઞસ્વભાવ છે તે ત્રિકાળ છે. તેથી ત્રણ કાળ ત્રણ લોકના બધા ભાવને જાણવાની તાકાત રાખે છે, પણ જ્યારે સ્વાનુભૂતિની ક્રિયા વડે કેવળજ્ઞાન પ્રગટ કરે છે અર્થાત્ સાધકદશા દ્વારા સાધ્યદ્રવ્યને લક્ષમાં લેતી જ્યારે સિદ્ધદશા પ્રગટે છે તે કેવી છે?

પ્રભુ ! તું શ્રોતા તરીકે અમારી પાસે સાંભળવા આવ્યો છો એથી તારી એટલી લાયકાત જોઈને અમે તારી પર્યાયમાં પણ અનંતા સિદ્ધોની સ્થાપના કરીએ છીએ. —પૂજ્ય ગુરુદેવશ્રી

એમ કહીને મોક્ષતત્ત્વને સિદ્ધ કરે છે. આત્મા-આત્માનો સ્વભાવ, સંવર, નિર્જરા અને મોક્ષ આ ચાર તત્ત્વ અસ્તિરૂપે અહીં સિદ્ધ કર્યા છે.

આચાર્યની શૈલી કોઈ અલૌકિક છે. ચારિત્રમાં—અંતર આનંદમાં કેલી કરતાં—રમતાં રમતાં વિકલ્પ આવ્યો છે અને આ શાસ્ત્રો રચાઈ ગયા છે. આ કોઈ કલ્પનાની વાત નથી કે આમ હશે. 'આમ જ છે' એવી અનુભવની વાત છે. વસ્તુનું સ્વરૂપ જ એવું મહિમાવંત છે. પાછળના કળશમાં આવે છે કે વસ્તુનું સ્વરૂપ અદ્‌ભુતાભુતમ્ છે. કળશ ૨૭૩મા અદ્‌ભુત કહ્યું છે ને ૨૭૪મા અદ્‌ભુતાભુત કહ્યું છે. દ્રવ્ય-પર્યાયાત્મક અનંત ધર્મવાળો વસ્તુનો સ્વભાવ અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય ઉપજાવે છે કે આ તો અસંભવિત જેવી વાત છે. જ્ઞાનીઓને જોકે વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી તોપણ તેમને પૂર્વે કદી નહોતો થયો તેવો અદ્‌ભુત પરમ આનંદ થાય છે અને તેથી આશ્ચર્ય પણ થાય છે. આ ૨૭૩નો અર્થ કર્યો. બહુ સરસ અર્થ કર્યો છે.

આ ૧લા શ્લોકમાં પણ એક શ્લોકમાં ઘણું સિદ્ધ કરી દીધું છે. વસ્તુનો સ્વભાવ, તેની ધાર્મિક ક્રિયા અને તેના ફળરૂપે 'સર્વજ્ઞપદ' સિદ્ધ કર્યું છે. सर्वभावान्तरच्छिदे એટલે પોતાથી ભિન્ન અનંત જીવો અને અનંત અજીવ પદાર્થો અર્થાત્ ચરાચર પદાર્થો—ગતિમાન અને સ્થિર બધા પદાર્થોને, બધા જીવોને પોતાના જીવને, સર્વ કાળ અને સર્વ ક્ષેત્ર સંબંધી સર્વ ગુણો વિશેષણો સહિત એક જ સમયે જો જ્ઞાન બધા દ્રવ્યોને તેના વિશેષણો એટલે ગુણ-પર્યાય સહિત જાણી ન શકે તો તે જ્ઞાનને દિવ્ય કેમ કહેવાય? જ્ઞાનનો એવો સ્વભાવ છે કે તે બધાને પહોંચી વળે—જાણી લે.

પ્રવચનસાર પ્રથમ અધિકારમાં ઈષ્ટ તરીકે અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા લીધો છે અને અનિષ્ટ કોણ?—કે વિકાર. ઈષ્ટપ્રભુમાં એકાકાર થવાની ક્રિયા કરતાં અનિષ્ટપણું ટળી જાય છે અને એકલું ઈષ્ટપણું પ્રગટ થાય છે તે પ્રગટ થયેલાં ઈષ્ટદેવને અહીં માંગલિકમાં નમસ્કાર કર્યા છે.

सर्वभावान्तर સર્વ ભાવાંતર એટલે આ આત્મા અને આત્મા સિવાય સર્વ અન્ય દ્રવ્યોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જ્ઞાન એક જ સમયે જાણનારું છે. જો જ્ઞાન એક સમયમાં બધું ન જાણે તો તે જ્ઞાન પૂરું શેનું? જેનો જે સ્વભાવ હોય તેને બે સમય ન જોઈએ અને એક સમયમાં પૂરું ન જાણે તો તે સ્વભાવ જ ન કહેવાય. વસ્તુ જ એવી છે. એક સમયમાં

જેને દુ:ખનો નાશ કરવો છે તેણે પ્રથમ શું કરવું?—કે પર તરફના વિકલ્પો છોડી, રાગનો પ્રેમ તોડી, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું. —પૂજ્ય ગુરુદેવશ્રી

એ શું ન જાણે! સર્વને સર્વદા, સર્વથા પૂર્ણપણે જાણે અને અજાણપણું બિલકુલ ન હોય એનું નામ અનેકાંત છે. 'પૂર્ણ જાણે—અજાણપણું બિલકુલ નહિ.'

અરે! આત્મામાં પૂરું જાણપણું છે અને જડમાં બિલકુલ જાણપણું નથી. એવું પહેલાં શ્રદ્ધામાં તો લે! શ્રદ્ધા કરે તો પછી અનુભવ થઈ શકે. અનુભવ એ શ્રદ્ધાનું ફળ છે અને અનુભવમાં સ્થિરતાના ફળમાં કેવળજ્ઞાન છે. સર્વજ્ઞ એક જ સમયે સર્વને સર્વ વિશેષણો સહિત જાણે એમ કહીને અહીં સર્વજ્ઞનો અભાવ માનનારા મતનું નિરાકરણ થયું છે.

શ્રોતા : અનંતને જ્ઞાન જાણી લે તો અનંતનો અંત આવી ન જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : ના. અનંતનો અંત ન આવે. આ એક ડુંગળી કે લસણની એક કટકી હાથમાં લો તો તેમાં અનંત જીવો છે. તે એક મુઠ્ઠીમાં સમાઈ ગયા પણ તેથી કાંઈ તેની સંખ્યા ઘટી જાય છે! ક્ષેત્રથી મુઠ્ઠીમાં આવી ગયા છતાં સંખ્યાથી જીવો અનંત જ રહે છે, તેમ જ્ઞાનમાં અનંતાનંત જીવો જાણવામાં આવી જાય છે. તેથી કાંઈ જીવોની સંખ્યા ઘટી જતી નથી. અરે! એક એક દ્રવ્ય અને તેના અનંતા ગુણ અને પર્યાયો જ્ઞાનમાં જાણવામાં આવી જાય એવો જ્ઞાનનો પ્રમાણ કરવાનો અને જ્ઞેયમાં પ્રમેય થવાનો સ્વભાવ છે. જ્ઞાનમાં પ્રમાણ અને પ્રમેય બંને સ્વભાવ છે. તેથી જ્ઞાન બધો ખ્યાલ લઈ લે છે.

પ્રમેયદ્રવ્યો પ્રમેયપણે ન જણાવે તો એ પ્રમેય નહીં અને પ્રમાણજ્ઞાન પ્રમાણ ન કરે તો એ પ્રમાણ નહિ. વસ્તુનું સ્વરૂપ જ આવું છે ભાઈ!

ભગવાન ત્રણ કાળ ત્રણ લોકને તેની સામાન્ય અને વિશેષદશા સહિત, જે પ્રકારના નિમિત્તની હાજરીમાં, જે ક્ષેત્રમાં, જે કાળે, જે યોગે જે દશા થવાની તે ભગવાનના જ્ઞાનમાં પહેલેથી આવી ગઈ છે.

શ્રોતા : પહેલેથી આવી ગઈ છે એટલે પહેલાં ન હતી?

પૂજ્ય ગુરુદેવશ્રી : ના. પહેલાં જ્ઞાનમાં ન હતી. કેવળજ્ઞાનના પહેલાં સમયથી બધું જણાવા લાગ્યું, એ પહેલાં જણાતું ન હતું. ત્રણ કાળ ત્રણ લોકનું આખું ચોસલું ભગવાનના જ્ઞાનમાં પહેલાં સમયે જ આવી જાય છે. પછી બીજા સમયે તે ભૂતકાળ થતું જાય છે અને વર્તમાન આવતું જાય છે. પોતાની દશા બદલાય છે બાકી ચોસલું એમ ને એમ રહે છે. ભાઈ! આવું મોક્ષતત્ત્વ છે! સિદ્ધતત્ત્વ આવું છે! સાત તત્ત્વમાં મોક્ષતત્ત્વ આવું મોટું છે. એવા એવા અનંતા મોક્ષતત્ત્વને પેટમાં રાખનારું આત્મતત્ત્વ છે. ભૂતકાળની પર્યાય તો અનંત

ત્રણ લોકના નાથ સર્વજ્ઞની પાસે હિતની કામના રાખવી એ પણ ભ્રમ છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

હોવા છતાં ભવિષ્યની પર્યાય કરતાં બહુ થોડી છે કેમ કે ભૂતકાળનો તો અંત આવી ગયો પણ ભવિષ્યની અનંત કેવળજ્ઞાન પર્યાયનો અંત આવવાનો નથી. આટલી બધી અનંતપર્યાયો જેમાં છે એવો ધ્રુવપ્રભુ આત્મા ઈષ્ટ છે. સમ્યગ્દષ્ટિને આત્મા ઈષ્ટ છે અને વ્યવહારે સર્વજ્ઞ પરમેશ્વર ઈષ્ટ છે.

અહીં 'सर्वभावान्तरच्छिदे' વિશેષણથી સર્વજ્ઞને ન માનનારા અભિપ્રાયનું ખંડન થાય છે. સર્વજ્ઞનું જ્ઞાન જીવ અને જડ દ્રવ્યોને તેની અંત વિનાની પર્યાય સહિત જાણી લે છે. બધા દ્રવ્યોની ભવિષ્યની પર્યાય કદી ખૂટવાની નથી છતાં સર્વજ્ઞના જ્ઞાનમાં તે એક સમયમાં જણાઈ જાય છે. જેમ દ્રવ્ય સદાય છે...છે....છે...તેમ તેમાં પર્યાય પણ છે...છે...છે...જે છે તેનો કદી અંત ન આવે. છતાં તેનું જ્ઞાન કેવળજ્ઞાનમાં એક સમયમાં આવી ગયું છે. અહા! આવા આત્માને કબૂલવો એ તો નિર્વિકલ્પ પ્રતીતિમાં જ કબૂલાય છે. જેમાં શંકા કે સંદેહ ન રહે, નિઃશંકપણે જગતના તળિયાનું માપ લઈ લે એવો આત્મા છે. ભગવાનનું જ્ઞાન આખા જગતના તળિયાનું તળ લઈ લે છે.

અહા! કેવળજ્ઞાનની એક દશા આવી છે. એવી એવી અનંતદશાનો ધરનાર એક ગુણ, એવા અનંતગુણનો ધરનાર ભગવાન આત્માની પ્રતીતિ થાય અને પરમેશ્વર ન થાય એમ બને નહિ. સમજાણું કાંઈ! આ વાત એને નિર્વિકલ્પ ભરોંસે આવવી જોઈએ.

ભગવાન અમૃતચંદ્રઆચાર્યે આ શ્લોકમાં તો ગજબ વાતો કરી છે. नमः समयसाराय....મારો આત્મા આવો છે તેને હું નમસ્કાર કરું છું. રાગ ને વિકારમાં મારો આદર નથી. હું જ્ઞાન-દર્શન સ્વભાવવાન છું અને મારી અનુભૂતિની ક્રિયાથી મારું સ્વરૂપ પ્રગટશે—મારું સર્વજ્ઞપણું મને પ્રગટશે.

૧લી ગાથામાં સિદ્ધની પર્યાયને સ્વભાવરૂપ કહી છે. ધ્રુવ એટલે ગુણ નહિ, એ સિદ્ધપર્યાય સ્વભાવભાવરૂપ હોવાથી ધ્રુવ છે. અમૃતચંદ્રાચાર્યદેવે આ ટીકા કરી છે. ભરતક્ષેત્રમાં આવી ટીકા ક્યાંય નથી. આ ટીકાએ આહાહાહા...! કેવળજ્ઞાનીના પેટ ખોલ્યાં છે. ગુણ તો ધ્રુવ છે પણ પર્યાય તો ધ્રુવ નથી છતાં સિદ્ધની પર્યાયને ધ્રુવ કેમ કહી? કે—તે સ્વભાવભાવરૂપ છે માટે ધ્રુવ છે. કેવળજ્ઞાન સ્વભાવભાવરૂપ છે તેમ અનંતી પર્યાય બધી સ્વભાવભાવરૂપ છે. સ્વભાવથી ઉત્પન્ન થઈ છે અને સ્વભાવભાવરૂપ છે માટે તે ધ્રુવ છે.

(ક્રમશઃ)

જિનવરદેવે જીવની વ્યાખ્યા ગજબ કરી કે ઉત્પાદ-વ્યય વિનાનો, બંધ-મોક્ષના કારણ વિનાનો તે જીવ છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# સ્વરૂપમાં એકાગ્રતા : સુગમ છતાં કઠિન

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૬૪, ઉત્તરાર્ધ)

આગળ પ્રક્ષેપક દોહા કહે છે એટલે ૧૩૭ની જ બીજી ગાથા છે.

सो जोइउ जो जोगवइ दंसणु णाणु चरित्तु।
होयवि पंचहँ बाहिरउ झायंतउ परमत्थु ॥१३७*५॥

અર્થ :—તે જ ધ્યાની છે જે પાંચ ઇન્દ્રિયોથી ખસીને નિજપરમાત્માનું ધ્યાન કરતાં થકાં દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયને પાળે છે, રક્ષા કરે છે.

સમ્યગ્દષ્ટિથી લઈને બધા જ્ઞાનીને 'યોગી' કહેવામાં આવે છે. અતીન્દ્રિય ભગવાન આત્મા પાંચે ઇન્દ્રિયો આદિ બાહ્ય પદાર્થોથી અલગ થઈને નિજ પરમાત્માનું ધ્યાન કરે છે. પરમાર્થ શબ્દનો અર્થ ટીકામાં કર્યો છે કે परमार्थशब्द वाच्यं विशुद्धज्ञानदर्शनस्वभावं परमात्मानमिति तात्पर्यम्। દ્રવ્યપરમાત્માની વાત કરી છે. અહીં તો દ્રવ્યપરમાત્મા અને પર્યાયપરમાત્માની જ વાતો કરી છે.

હે ભાઈ! તું પાંચે ઇન્દ્રિયના વિષયોથી બહાર થઈ જા! અને જે ત્રિકાળ વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી પરમાત્મા છે તે જ આત્મા છે તેનું ધ્યાન કર! ત્રિકાળ વિશુદ્ધ એટલે એકલો જ્ઞાન-દર્શનનો પિંડલો છે. એ જ આત્મા અને તે જ પરમાત્મા છે, એ જ ભૂતાર્થ ભગવાન આત્મા છે. ભગવાન આત્માને શુભજોગવાળો કહેવો અને તેને જ મોક્ષમાર્ગ કહેવો એ તો પ્રભુ! તને લાંછન લાગે છે. અતિ સાહસ થાય છે પ્રભુ! આત્મા તો એકલો વિશુદ્ધ જ્ઞાન-દર્શનનો પિંડલો છે. તેમાં એકલો અતીન્દ્રિય આનંદરસ જ પડ્યો છે.

"કહે વિચક્ષણ પુરુષ, સદા મૈં એક હૂઁ, અપને રસસોં ભર્યો, અનાદિ ટેક હૂ;
મોહકર્મ મમ નાહિ, નાહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધચેતના સિંધુ, હમારો રૂપ હૈ."

હું પોતે પરમાત્મા અનાદિ-અનંત સ્વશક્તિથી ભરેલો છું. મોહકર્મ મારું નથી. મોહ, રાગ, દ્વેષને મારા માનવા એ તો મોટો ભ્રમણાનો કૂવો છે. હું તો શુદ્ધ-ચેતનાનો સમુદ્ર છું, એ જ મારો પરમાર્થ અર્થાત્ પરમ+અર્થ છે. ઉત્કૃષ્ટ પદાર્થ મારો નિજ પરમાત્મા જ છે.

શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ ધ્રુવ ભગવાન આત્મા છે તે જન્મતો નથી અર્થાત્ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી.
—પૂજ્ય ગુરુદેવશ્રી

અરે! એણે પોતાના ગાણાં કદી પ્રેમ કરીને સાંભળ્યા નથી. પદ્મનંદિ પંચવિંશતિના એકત્વસપ્તતિ અધિકારમાં ગાથા ૨૩મા કહ્યું છે કે અહો! ભગવાન! તેં તારા ગુણગાન પ્રીતિ કરીને સાંભળ્યા હોય તો તું નિશ્ચિતપણે ભવિષ્યમાં અલ્પકાળમાં મુક્તિને પાત્ર એવો ભવ્ય છો. ભગવાનના અનંતગુણોની વાર્તા પ્રેમથી સાંભળે છે તે મુક્તિનું ભાજન છે.

પરમ-પદાર્થ ભગવાન આત્મા હોવા છતાં એને બહારમાં વિવિધ પ્રકારની સુખની સામગ્રી દેખાય છે. બી વગરની દિલ્હીની અંગુર, બે દાણા દાડમ, મોટી મોટી રસ ભરેલી કેરી. આ બધી વિવિધ પ્રકારની સામગ્રી છે તે દુઃખના લક્ષની સામગ્રી છે. તું પોતે તો એવો છે કે તેની વાત સાંભળવામાં પણ આનંદ આવે તેવો તું છો અને તું દુનિયાની વાર્તામાં ચોંટ્યો છો!

મોક્ષમાર્ગ એક જ છે. વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી આત્માનું ધ્યાન કરવું એ એક જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર કહેવામાં આવ્યો છે તે નિમિત્તમાત્ર છે. બાકી એ કાંઈ મોક્ષમાર્ગ નથી. ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે તેની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને પરિણતી તે એક જ મોક્ષમાર્ગ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

અરે! એને સ્વનો આશ્રય જ મહા કલ્યાણકારી છે એ વાત બેઠી નથી. પરાશ્રયમાં તો વિકલ્પ જ ઊઠે, તેમાં આત્માના શ્રદ્ધા-જ્ઞાન બિલકુલ થતાં નથી. મહા આનંદનો સાર વિશુદ્ધ-જ્ઞાન-દર્શન સ્વભાવી આત્માની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં લીનતા એ રત્નત્રય છે, તેનું પાલન કરે છે, રક્ષા કરે છે તે યોગી છે—ધ્યાની છે. શાસ્ત્રમાં વ્યવહારનું પ્રમાણજ્ઞાન કરાવવા એવી ભાષા આવે કે યોગી વ્યવહારરત્નત્રયનું પાલન કરે છે, ભેદાભેદ રત્નત્રયનું આરાધન કરે છે, ભેદાભેદ રત્નત્રયને સેવે છે. દ્રવ્યસંગ્રહ આદિ ઘણા ગ્રંથોમાં આવી વાત આવે છે પણ ત્યાં પાળે એટલે રાગને પાળતો નથી, રાગને સેવતો નથી. જો રાગને પાળે છે એમ માનશે તો વીતરાગમાર્ગની શ્રૃંખલા તૂટી જશે, માર્ગ નહિ રહે. આગમના કથનોનો ભાવ નહિ સમજે તેને વીતરાગના માર્ગનો પ્રવાહ નહિ રહે. શું થાય? એ પણ ભગવાન છે ભાઈ! એની નજર સ્વ તરફ જતી નથી, પર તરફ જ રહે છે તેથી એનું એને માહાત્મ્ય આવતું નથી.

પોતાના ભગવાનના દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતીને પાળે છે એ નિર્મળ વીતરાગી અરાગીદશા છે. એ વીતરાગમાર્ગ છે કે રાગને પાળવો એ વીતરાગમાર્ગ છે!

શુભભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભભાવનો પ્રસંગ આવે તોપણ તેનાથી ભિન્ન રહીને 'હું જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ. —પૂજ્ય ગુરુદેવશ્રી

ભાવાર્થ :—જેના પરિણામ નિજ શુદ્ધાત્મદ્રવ્યના સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ નિશ્ચયરત્નત્રયમાં જ લીન છે, પોતાના પૂર્ણાનંદસ્વરૂપમાં જેણે દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા કરી છે તે જ પંચમગતિરૂપી મોક્ષનો નાશ કરવાવાળી અને પંચપરમેષ્ઠીની ભાવનાથી રહિત એવી પાંચ ઈન્દ્રિયોથી જુદો થઈ ગયો છે. પાંચ ઈન્દ્રિયોથી જુદો કોણ પડી શકે છે કે જે પંચપરમેષ્ઠીની ભાવનાવાળો છે અને પંચમગતિને પામવા માટે જેણે સ્વદ્રવ્યમાં દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા કરી છે એ જ યોગી છે.

જુઓ ને! બપોરે તો સમ્યગ્દર્શનનું માહાત્મ્ય જ આવે છે કે સમ્યક્ દૃષ્ટિવંતને ત્રિકાળ બંધ નથી. વસ્તુના સ્વભાવનું અને સ્વભાવદૃષ્ટિનું એટલું જોર છે, રાગાદિ પૃથક્પણે છે તે બંધપદ્ધતિમાં જાય છે, મોક્ષમાર્ગની પદ્ધતિમાં એ છે જ નહિ એ અપેક્ષાએ વાત છે. બાકી, દસમા ગુણસ્થાન સુધી રાગ હોય છે એ પણ ખબર છે, અલ્પજ્ઞદશા બારમા ગુણસ્થાન સુધી છે, હજુ કેવળજ્ઞાન નથી, દ્રવ્યબંધ નવો ન થતો હોવા છતાં સત્તામાં તો પડ્યો છે તો ભાવબંધ પણ એટલો છે, દીપ્તિપરિવર્તન ૧૨મામાં પણ છે. આ બધું જાણતાં હોવા છતાં કહ્યું કે સમકિતીને બંધ નથી. ભગવાન ! આ તારી મહિમાની વાતો છે. બાપા ! એ મહિમા જેને અંતરમાં બેઠી....એને બંધ કેવો ! એ તો મુક્ત જ છે. પડવાની તો વાત જ કેવી! છતાં પડવાની વાત પણ લખી છે. એ વીતરાગની બધી વાત વીતરાગપણું પ્રાપ્ત કરાવવા માટે છે. રાગમાં કે અલ્પજ્ઞતામાં રોકાવા માટે નથી. ત્યાંથી દૂર થવા માટે છે.

જે કોઈ પોતાના પરિણામને પોતાના સ્વભાવમાં રોકે છે તેનું નામ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આ ત્રણેય પરિણામ છે, ગુણ નથી, રત્નત્રય છે. તેને પાળવાવાળા યોગી, પંચમગતિને રોકવાવાળી પાંચ ઈન્દ્રિયોથી જુદા પડી ગયા છે. પંચપરમેષ્ઠીની ભાવના કરે છે એટલે કે સ્વરૂપની ભાવનામાં એકાગ્ર થાય છે તે જ યોગી છે—તે જ ધર્મી છે, તે જ ધ્યાની છે, તે જ તપોધન છે.

જુઓ! ભગવાનની કથા છે...ભારે વાત છે!

શ્રોતા :—ભારે એટલે વજનદાર કે કિંમતી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—કિંમતી છે, વજનદાર છે—તે વિકલ્પથી ઉપાડી શકાય તેમ નથી એવી વાત છે. નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન દ્વારા જ ભગવાનની વાત ઝીલી શકાય છે. ભગવાન મોટો પરમાત્મા છે તેની શ્રુતજ્ઞાનની એક પર્યાયની તાકાત એવી છે કે તેમાં છ દ્રવ્યો સમાઈ

આચાર્ય ભગવાન કહે છે કે તું સિદ્ધ છો, તારામાં તું તને સિદ્ધપણે સ્થાપીને સાંભળજે. સિદ્ધથી ઓછું અમારી પાસે માંગીશ નહિ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

જાય છે. તે છ દ્રવ્યોમાં અનંતા સિદ્ધા પણ આવી ગયા. જે પર્યાયમાં અનંતા સિદ્ધ જ્ઞાનમાં સમાઈ ગયા એવડો જ આત્મા નથી, એ તો આત્માના એક ગુણનો અનંતમો ભાગ છે, એવા તો અનંતગુણો આત્મામાં છે. એ પરમસ્વરૂપ ભગવાન આત્માની કિંમત એને ખ્યાલમાં આવતી નથી. એટલે કોઈ આખા જગતમાં એક જ આત્મા છે એમ કહે છે તો કોઈ કહે છે કે ભગવાન દેખે એમ થાય છે તો કોઈ ભગવાનની કૃપા માને છે. એ બધા લૂંટાય છે અને માને છે કે અમને લાભ થાય છે.

બે–પાંચ કરોડનાં આસામીને ભિખારી કહો તો સારું લાગે? મોટા માણસને ભિખારી કહેવું એ યોગ્ય નથી. તો આ અનંતા સિદ્ધોને પોતાની પર્યાયમાં સમાડનારો ભગવાન આત્મા અને તે પણ કેવળજ્ઞાનમાં નહિ, શ્રુતજ્ઞાનની અલ્પજ્ઞ પર્યાયમાં સર્વ સિદ્ધોને સ્વીકારનારા ભગવાન આત્માને જેવો છે તેવો ખ્યાલ ન લે અને બીજી રીતે લે છે તે એની મોટપને ગાળ દે છે. મોટાને હીણો બનાવવો એ વિપરીતદષ્ટિ છે.

ટીકામાં પરમાર્થ શબ્દ મૂકીને આત્માનું માહાત્મય બતાવ્યું છે. પરમ+અર્થ એટલે સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળો પરમ અર્થ છે. સામાન્ય અર્થ નથી.

હવે, યોગ શબ્દનો અર્થ એવો છે કે જે પોતાના મનને ચેતનમાં લગાવે છે તે યોગી છે. જેને એક ગુણના અનંતમાં ભાગની એક જ્ઞાન પર્યાય વિશુદ્ધ અનંત સિદ્ધો આદિ સમાઈ ગયા એવા અનંતાગુણનું એકરૂપ એવો વિશુદ્ધ જ્ઞાન-દર્શન-સ્વભાવ આત્મામાં જે લીન છે તે યોગી છે. બાકી, કોઈ આસન લગાવીને પ્રાણાયામ આદિ કરે તેનાથી યોગી બની જતો નથી. ચૈતન્યપ્રાણ ઉપર દૃષ્ટિ વગર પ્રાણાયામ કેવા! શ્વાસોશ્વાસ તો અજીવની ક્રિયા છે તેને કરવાની કે રોકવાની ક્રિયા આત્મા કરી શકતો જ નથી. છતાં હું પ્રાણાયમ કરીને યોગની ક્રિયા કરું છું, શરીરને નીરોગ કરું છું એમ માનનારા બધા મૂઢ છે. શુદ્ધાત્મામાં ઉપયોગને લગાવે તેને યોગી કહેવામાં આવે છે. નિયમસાર આદિ ઘણા શાસ્ત્રોમાં 'યોગ'ની વાત કરી છે. પોતાના અખંડાનંદ પ્રભુને જ્ઞાનમાં લીધા વિના તેમાં એકાગ્રતા ત્રણ કાળમાં થઈ શકે નહિ. અખંડાનંદપ્રભુને ઓળખી, શ્રદ્ધા-જ્ઞાનમાં લઈ તેમાં એકાગ્ર થવું તે યોગ છે અને તેને કરનારો જીવ યોગી છે. બાકી બધાં થોથા છે.

આવા યોગીને જ 'ધ્યાની' કહેવાય છે. ચિદાનંદની સંપદા જેના હાથમાં આવી અને

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૯ ઉપર)

નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે....આ જ સ્વભાવ છે...એમ સ્વભાવ સન્મુખ જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

# અજ્ઞાની અને જ્ઞાની વચ્ચેનો મૂળભૂત તફાવત.

(પંડિત શ્રી બનારસીદાસજી કૃત પરમાર્થ વચનિકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

**જ્ઞાની આત્માશ્રિત અધ્યાત્મક્રિયા વડે મોક્ષમાર્ગને સાધે છે.**

**અજ્ઞાની તે ક્રિયાને જાણતો નથી ને બાહ્યક્રિયાને મોક્ષમાર્ગ માને છે.**

વળી મૂઢ જીવ તથા જ્ઞાનીજીવ એ બંનેનું વિશેષપણું હજી પણ સાંભળો—

"જ્ઞાતા તો મોક્ષમાર્ગ સાધી જાણે; મૂઢ મોક્ષમાર્ગ સાધી જાણે નહિ. શા માટે? તે સાંભળો : મૂઢ જીવ આગમપદ્ધતિને વ્યવહાર કહે અને અધ્યાત્મ-પદ્ધતિને નિશ્ચય કહે; તેથી તે એકાન્તપણે આગમ-અંગને સાધી તેને મોક્ષમાર્ગ દર્શાવે છે, અધ્યાત્મ-અંગના વ્યવહારને જાણતો નથી. એ મૂઢદૃષ્ટિનો સ્વભાવ છે. તેને એ પ્રમાણે સૂઝે જ ક્યાંથી? કારણ કે આગમ-અંગ બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષપ્રમાણ છે તેનું સ્વરૂપ સાધવું સુગમ છે; તે બાહ્યક્રિયા કરતો થકો મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે પણ અંતગર્ભિત જે અધ્યાત્મરૂપ ક્રિયા તે અંતર્દષ્ટિગ્રાહ્ય છે તે ક્રિયાને મૂઢ જીવ જાણતો નથી. અંતરૂદૃષ્ટિના અભાવથી અંતરૂક્રિયા દૃષ્ટિગોચર થાય નહિ. તેથી મિથ્યાદૃષ્ટિ જીવ મોક્ષમાર્ગ સાધવાને અસમર્થ છે."

જુઓ, આમાં મોક્ષમાર્ગની કેટલી સ્પષ્ટતા કરી છે? મોક્ષમાર્ગ તો અંતરના અનુભવની અધ્યાત્મક્રિયામાં છે, એ ક્રિયાને અંતર્દૃષ્ટિ વડે ધર્માત્મા જ જાણે છે. મોક્ષમાર્ગની ક્રિયા શું છે તે બહારની દૃષ્ટિથી જણાય નહિ. અજ્ઞાની શુભરાગને અને બહારની ક્રિયાને જ દેખે છે, તેને જ તે વ્યવહાર કહે છે ને તેને જ મોક્ષમાર્ગ માને છે, અંતરના સાચા મોક્ષમાર્ગને સાધવાનું તે જાણતો નથી. બહારની ક્રિયામાં ને શુભરાગમાં કાંઈ મોક્ષમાર્ગ નથી. અહીં તો પં. શ્રી બનારસીદાસજી સ્પષ્ટ કહે છે કે બાહ્યક્રિયા કરતો થકો મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે. એકલી અશુદ્ધપરિણતિરૂપ આગમપદ્ધતિને તે વ્યવહાર કહે છે ને અધ્યાત્મપદ્ધતિના વ્યવહારને એટલે કે શુદ્ધપરિણતિરૂપ વ્યવહારને તે ઓળખતો નથી. પણ ભાઈ, અશુદ્ધપરિણતિ તે કાંઈ મોક્ષમાર્ગનો વ્યવહાર નથી, તે તો અશુદ્ધ વ્યવહાર છે. મોક્ષમાર્ગમાં તો મિશ્રરૂપ વ્યવહાર કહ્યો છે એટલે કંઈક શુદ્ધતા ને કંઈક અશુદ્ધતા—એવી મિશ્રપરિણતિ મોક્ષમાર્ગમાં હોય છે,

કાળે વર્ષા પડે, કાળે વૃક્ષો ખીલે, કાળે ચંદ્ર ખીલે, કાળે ઢોર ઘરે આવે, સ્વાતિનક્ષત્રના કાળે છીપમાં પાણી પડતાં મોતી પાકે, તેમ ઉત્તમ દેવ-ગુરુના મહાન યોગકાળે તું આવ્યો ને પૂજ્ય પદાર્થ અનુભવમાં ન આવે એ અજબ તમાસા છે!

—પૂજ્ય ગુરુદેવશ્રી

તે મોક્ષમાર્ગનો વ્યવહાર છે. આવા વ્યવહારને અજ્ઞાની જાણતો નથી. અધ્યાત્મપદ્ધતિ (શુદ્ધપરિણતિ) તે નિશ્ચય ને આગમપદ્ધતિ (અશુદ્ધપરિણતિ) તે વ્યવહાર—એમ અજ્ઞાની માને છે ને એકાન્ત આગમપદ્ધતિને એટલે શુભરાગને તથા બાહ્યક્રિયાને તે મોક્ષમાર્ગ માને છે. પણ ભાઈ, નિર્મળપરિણતિ તે પણ વ્યવહાર છે. જેટલી શુદ્ધપરિણતિ તેટલો શુદ્ધ વ્યવહાર છે, તે અધ્યાત્મપદ્ધતિ છે, તેના વગર મોક્ષમાર્ગ હોતો નથી. શુભરાગની સ્થૂળક્રિયા અજ્ઞાનીને બહારમાં દેખાય છે ને તેની વાત ઝટ સમજાઈ જાય છે એટલે તેને જ મોક્ષમાર્ગ માની લે છે. બહારની રાગક્રિયામાં અટકેલા જીવોને અંતરની શુદ્ધપર્યાયરૂપ મોક્ષમાર્ગ ક્યાંથી સૂઝે? અંતર્મુખ અધ્યાત્મપદ્ધતિ અને બહિર્મુખ આગમપદ્ધતિ—એ બંનેની ભિન્નતાને એટલે કે શુદ્ધતા અને અશુદ્ધતા—એ બંનેની ભિન્નતાને જે ઓળખતો નથી, મોક્ષમાર્ગ અને સંસારમાર્ગ—એ બંનેની ભિન્નતાને જે ઓળખતો નથી, તે મોક્ષમાર્ગને કઈ રીતે સાધશે? અધ્યાત્મપદ્ધતિ અને આગમપદ્ધતિ એ બંનેની ભિન્નતાનો જે જ્ઞાતા છે તે જ મોક્ષમાર્ગને સાધે છે.

અભેદદ્રવ્ય તે નિશ્ચય છે ને તેની શુદ્ધપર્યાય તે વ્યવહાર છે, શુદ્ધપરિણતિ તે જ શુદ્ધ આત્મવ્યવહાર છે, આવા શુદ્ધ નિશ્ચય-વ્યવહારને અજ્ઞાની જાણતો નથી અને દેહાદિની ક્રિયાને કે શુભરાગને જ તે પોતાનો વ્યવહાર માને છે ને તેને જ તે મોક્ષમાર્ગ સમજે છે; આવા વ્યવહારમાં (—રાગમાં ને દેહની ક્રિયામાં) મગ્ન જીવ મોક્ષમાર્ગને ક્યાંથી સાધી શકે? શુદ્ધ પરિણતિરૂપ વ્યવહારને તો જાણતો નથી ને રાગાદિ અશુદ્ધવ્યવહારને મોક્ષનું કારણ માને છે—એ તો મૂઢતા છે. મૂઢ હોય તે જ જીવ એવા અશુદ્ધભાવથી પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને,—એમ લગભગ ૪૦૦ વર્ષ પહેલાં પં. બનારસીદાસજી સ્પષ્ટ લખી ગયા છે ને પરંપરાથી તો અનાદિથી આ વાત સંતો સમજાવતા આવ્યા છે. ભાઈ, તને રાગનો અનાદિનો પરિચય છે એટલે રાગની વાત તને સુગમ લાગે છે. રાગને કોઈ મોક્ષમાર્ગ કહે તો તે વાત તને ઝટ બેસી જાય છે પણ એવો મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો અધ્યાત્મપદ્ધતિરૂપ છે, આત્માના આશ્રયે થતી શુદ્ધચેતનાપરિણતિ તે જ મોક્ષમાર્ગ છે.—એના વડે જ મોક્ષ સુગમતાથી મળે તેમ છે. તેથી જ તે ખરેખર સુગમ—સહેલો માર્ગ છે, એ સિવાય બીજા માર્ગે મોક્ષની પ્રાપ્તિ દુર્ગમ છે—અશક્ય છે. શુદ્ધરત્નત્રયરૂપ જે 'નિશ્ચય–મોક્ષમાર્ગ' છે તેને જ અહીં આત્માનો 'શુદ્ધ વ્યવહાર' કહ્યો છે. પ્રવચનસારમાં પણ 'શુદ્ધચેતનાવિલાસરૂપ આત્મવ્યવહાર' કહ્યો છે, તે નિર્મળપર્યાયની જ વાત છે. અહીં તેને

જેને ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન જોઈતું હોય તેણે પાંચ ઇન્દ્રિયના વિષયની અભિલાષા તથા પૈસા કમાવવાની અભિલાષારૂપ પાપભાવો તેમજ દયા–દાન–વ્રતરૂપ પુણ્યભાવને એકવાર દૃષ્ટિમાંથી છોડવા પડશે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

'અધ્યાત્મપદ્ધતિ' કહીને ઓળખાવેલ છે. આમ જુદી જુદી અનેક શૈલીમાં પણ મોક્ષમાર્ગની મૂળ ધારા એકસરખી ચાલી આવે છે. 'સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એમ કહ્યું. તેમાં પણ આ જ આશય છે. બધા સંતોએ બતાવેલું મોક્ષમાર્ગનું સ્વરૂપ એકસરખું જ છે.— 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.'

શ્રોતા :—જો શુદ્ધપર્યાય તે મોક્ષમાર્ગ છે, તો પછી પર્યાયને અભૂતાર્થ કહીને છોડવાનું કેમ કહો છો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ, નિર્મળપર્યાયને છોડી દેવાનું નથી કહ્યું પણ તે પર્યાયનો ભેદ પાડીને આશ્રય કરવા જતાં વિકલ્પ થાય છે, તે વિકલ્પ છોડાવવા પર્યાયભેદનો આશ્રય છોડાવ્યો છે. પર્યાયના ભેદનો આશ્રય છોડાવવા ને અભેદસ્વભાવનો આશ્રય કરાવવા પર્યાયભેદને અભૂતાર્થ કહેલ છે. જ્યારે ભેદનો આશ્રય છોડીને અંતર્મુખ અભેદસ્વભાવનો આશ્રય કરે ત્યારે પર્યાય અંતર્સ્વભાવમાં અભેદપણે લીન થઈને નિર્વિકલ્પ અનુભવ કરે છે, ત્યારે પર્યાય કાંઈ છૂટી જતી નથી, પર્યાયનો આશ્રય છૂટી જાય છે, પર્યાયભેદનો વિકલ્પ છૂટી જાય છે. પર્યાયને અભૂતાર્થ કહેતાં કોઈ નિર્મળપર્યાયને જ સર્વથા છોડી દેવાનું સમજી જાય—તો તે બરાબર નથી. સમયસારમાં પણ 'આત્મા અપ્રમત્ત કે પ્રમત્ત નથી' એમ કહીને પર્યાયના ભેદનો આશ્રય છોડાવીને એકરૂપ જ્ઞાયકસ્વભાવનો અનુભવ કરાવ્યો છે; તે સ્વભાવના અનુભવમાં નિર્મળપર્યાય થતી જાય છે, તેનો કાંઈ નિષેધ નથી. સત્‌ને બધા પડખેથી જેમ છે તેમ સમજવું જોઈએ.

જુઓ, આ મૂળ મુદ્દાની સરસ વાત છે; મોક્ષમાર્ગ કેમ સાધવો તેની આ વાત છે. મોક્ષમાર્ગની પ્રરૂપણામાં અત્યારે અનેક ગોટાળા ચાલી રહ્યા છે. કોઈ કહે છે કે શુભોપયોગ તે જ મોક્ષમાર્ગ છે, છઠ્ઠા ગુણસ્થાન સુધી શુદ્ધભાવ કે નિશ્ચય સમ્યક્ત્વાદિ હોય જ નહિ. અરે ભાઈ, શુભરાગ તો પુણ્યબંધનું કારણ, તે મોક્ષનું કારણ ક્યાંથી થાય? અને નિશ્ચય સમ્યક્ત્વ સહિત શુદ્ધભાવ ચોથા ગુણસ્થાનથી જ શરૂ થઈ જાય છે, એના વિના મોક્ષમાર્ગ કે ધર્મ ક્યાંથી હોય? પણ બહિરાત્મા જીવો અંતરના શુદ્ધપરિણામને ઓળખી શકતા નથી. તેઓ માત્ર બહારની સ્થૂળક્રિયાને અને સ્થૂળ રાગને જ જોનારા છે. રાગથી પાર ચૈતન્યસ્વભાવની વાતનો ઉત્સાહ પણ તેમને આવતો નથી ને ઉલટો તેના પ્રત્યે અનાદર—અણગમો આવે છે.—આવા વિપરીતભાવને લીધે અનાદિથી સંસારની પરંપરા તેને ચાલી રહી છે, તે પરંપરા કેમ છેદાય ને મોક્ષની પરંપરા કેમ શરૂ થાય તેની આ વાત છે. અંતરના

રાગનો અંશમાત્ર મારો નથી એમ દૃષ્ટિમાંથી ધર્મ-અર્થ-કામરૂપી ભાવની મમતા છોડી દે ને જ્ઞાનસ્વરૂપી ભગવાનને જ્ઞાન પરિણતિથી તું જાણ! —પૂજ્ય ગુરુદેવશ્રી

આવા માર્ગનો આદર કરીને વારંવાર તેનું ઘોલન કરવા જેવું છે, તેનો ઉત્સાહ લાવવા જેવું છે.

અંતરસ્વભાવના અનુભવનો કોઈ અપૂર્વ સ્વાદ છે તે અજ્ઞાનીને લક્ષમાં આવતો નથી, રાગથી જુદું કાંઈ તત્ત્વ તેને દેખાતું જ નથી. જ્યારે અનેક સંતો ને વિદ્વાન ધર્માત્માઓ પોકાર કરીને કહી ગયા છે અને વર્તમાનમાં કહે છે કે શુભરાગ તે મોક્ષમાર્ગ નથી, નથી ને નિમિત્ત વગેરે પરદ્રવ્ય અકિંચિત્કર છે,—ત્યારે એ સાંભળીને પોતાની વિદ્વત્તાના અનુચિત અભિમાનમાં કોઈ કહે છે કે એ તો ભાવુકતાના પ્રવાહમાં ખેંચાઈને તેમણે કહ્યું છે, વાસ્તવિક વસ્તુ સ્વરૂપ એમ નથી. ભાઈ, એ સંતોએ અને વિદ્વાન જ્ઞાનીઓએ જે કહ્યું છે તે તો પરમ સત્યના પ્રવાહમાં રહીને કહ્યું છે, તું અસત્ અને દ્વેષના પ્રવાહમાં ખેંચાઈને એમના ઉપર આક્ષેપ ન મૂક, ભાઈ! તારું એ મોટું દુઃસાહસ છે.

શ્રોતા :—શાસ્ત્રમાં અજ્ઞાનીને 'મૂઢ' કહ્યો, તો તે દ્વેષ ન કહેવાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના ભાઈ, એમાં દ્વેષ નથી પણ અજ્ઞાનભાવ કેટલો અહિતકર છે તે સમજાવીને તેનાથી છોડાવવા માટેની કરુણા છે. કોઈના ઘરમાં કાળો નાગ પડ્યો હોય ને તેને તેની ખબર ન હોય, ત્યાં બીજો કોઈ સજ્જન તેને તેના ઘરમાં રહેલા કાળા નાગની ભયંકરતા બતાવે, તો તેમાં તેનો હેતુ શો છે? કે તે માણસ તે કાળા નાગની ભયંકરતા જાણીને તેને પોતાના ઘરમાંથી બહાર કાઢવાનો ઉપાય કરે. તેમ આત્મસ્વભાવથી વિપરીત અભિપ્રાયરૂપ કાળોતરો ભયંકર નાગ અજ્ઞાનીના ઘરમાં પેસી ગયો છે, અજ્ઞાનીને તેની ખબર નથી ને ઊલટો તેને હિતકર માની બેઠો છે; સંત–જ્ઞાની તેને કહે છે કે અરર મૂઢ! આવા મોટા નાગ જેવા અહિતકારી મિથ્યાભાવને તું સેવી રહ્યો છે! એ ભાવ છોડ! છોડ!—આવા! મિથ્યાભાવનું સેવન એ તો મૂઢતા છે.—હવે વિચારો જોઈએ કે અહીં મૂઢ કહેવામાં સામા ઉપર દ્વેષ છે કે કરુણા છે? અત્યંત અહિતકારી મિથ્યાભાવના સેવનથી તેને બચાવવા માટે કરુણાપૂર્વકનો એ ઉપદેશ છે. સર્વજ્ઞના અતીન્દ્રિય સુખને ઘણા ઘણા પ્રકારે સમજાવવા છતાં જે નથી માનતો એવા જીવને તેની એ ભૂલ કેટલી બધી મોટી છે તે સમજાવવા, કુંદકુંદાચાર્ય જેવા વીતરાગી સંત કહે છે કે—

"સૂણી, ઘાતિકર્મવિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે,
શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે."

આંગળી પકડીને ચાલતો છોકરો તે તેના બાપનો છે તેમ વિસ્તરે છે–જાહેર કરે છે, તેમ પુણ્ય–પાપના ભાવ પુદ્ગલની સાથે તાદાત્મ્ય જાહેર કરે છે–વિસ્તરે છે, ભગવાન ચિદાનંદ આત્માને તે પ્રસિદ્ધ કરતા નથી.

–પૂજ્ય ગુરુદેવશ્રી

આમાં કોઈ વ્યક્તિની વાત નથી. આ તો સત્યનો પોકાર છે. સર્વજ્ઞનું અતીન્દ્રિય સુખ બતાવીને આત્માના સુખસ્વભાવની આવી સરસ વાત અમે સંભળાવીએ અને એ સાંભળતાં જેને અંતરના ઉમંગથી ઉત્સાહ ન આવે તે જીવ ધર્મ પામવાને લાયક નથી; મુમુક્ષુને તો એ અતીન્દ્રિય સુખની વાત કાને પડતાં જ અસંખ્ય પ્રદેશે ઝણઝણાટથી આત્મા ઊછળી જાય. તેઓશ્રીના આ કથનમાં અંદરના સત્‌સ્વભાવનું જોર છે. અહા! સંતોએ સમજાવવામાં કાંઈ ખામી નથી રાખી. ખરી જિજ્ઞાસાથી પાત્ર થઈને સમજવા માંગે તો તો માર્ગ એકદમ સ્પષ્ટ, સીધો ને સરલ છે. જેને સમજવું ન હોય ને ઝઘડા કરવા હોય એને શું કહેવું! એનો આત્મા એ પ્રકારે પરિણમી રહ્યો છે તેમાં બીજો શું કરે? એ જ જીવ જ્યારે સવળો પરિણમશે ત્યારે સત્‌ સમજીને ત્રણલોકનો નાથ થશે.

મોક્ષમાર્ગ એ અંતરના સૂક્ષ્મ અધ્યાત્મભાવ છે, તે બહારથી ન દેખાય. બે જીવ હોય, બંને બહારમાં દ્રવ્યલિંગી દિગંબર જૈનમુનિ હોય, વસ્ત્રનો તાણોય ન હોય, મોરપીંછી ને કમંડળ હોય, શુભરાગથી પંચમહાવ્રત બંને પાળતા હોય, નિર્દોષ આહાર–વિહાર કરતા હોય, શાસ્ત્રાનુસાર ઉપદેશ દેતા હોય,—બંને મુનિની આટલી ક્રિયા તો બહારથી અજ્ઞાનીને પણ દેખાય; પણ, હવે ધ્યાન રાખજો! અંતરમાં તેમાંથી એક મિથ્યાદૃષ્ટિ હોય અને બીજા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત બિરાજતા હોય. તો તેમાંથી પહલાં મુનિ તો આગમપદ્ધતિમાં વર્તી રહ્યા છે, તે મોક્ષમાર્ગને સાધતા નથી ને બીજા મુનિરાજ અધ્યાત્મપદ્ધતિમાં વર્તતા થકા સાક્ષાત્‌ મોક્ષમાર્ગને સાધી રહ્યા છે. બંનેની બહારની ક્રિયાઓ લગભગ સરખી પણ અંદરના સૂક્ષ્મ પરિણામમાં કેટલો ફેર? બહારની ક્રિયા વખતે અંતગર્ભિતપણે શુદ્ધભાવરૂપ અધ્યાત્મક્રિયા એકને નથી વર્તતી ને બીજાને વર્તી રહી છે; અંતરની આ અધ્યાત્મક્રિયા તે જ ખરો મોક્ષમાર્ગ છે, તેને અજ્ઞાની કઈ રીતે ઓળખશે? એ તો બંનેને સરખા ગણીને, બહારની ક્રિયાને અને પંચમહાવ્રતના શુભરાગને જ મોક્ષમાર્ગ માનશે. પણ ભાઈ, જરાક અંતર્‌દૃષ્ટિથી જો. મોક્ષમાર્ગ એ બાહ્યક્રિયામાં કે રાગમાં નથી; મોક્ષમાર્ગ તો અંતરના શુદ્ધભાવરૂપ રત્નત્રયમાં છે. એને ઓળખ તો જ તને મુનિની સાચી ઓળખાણ થાય ને તો જ તને મુનિવરો પ્રત્યે સાચી ભક્તિ જાગે તથા મોક્ષમાર્ગને સાધવાની સાચી રીત પણ ત્યારે જ તને સમજાય. આવા જ્ઞાન વિના મોક્ષમાર્ગ સાધી શકાય નહિ. આ રીતે અજ્ઞાની મોક્ષમાર્ગ કેમ નથી સાધી શકતો એ વાત કરી. હવે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાતા કયા પ્રકારે મોક્ષમાર્ગ સાધે છે તે કહેશે. *(ક્રમશઃ)*✻

ભાઈ બાપુ! વ્યવહારનયના કથનો બધાં એવા છે કે એમાં તું છેતરાઈ જતો નહીં. નહીં તો અનંતકાળે મળેલો અવસર એળે ચાલ્યો જશે હો! —પૂજ્ય ગુરુદેવશ્રી

વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## અકાર્યકારણત્વ શક્તિ

(શ્રી સમયસાર શાસ્ત્રની ૪૭ શક્તિ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન) (ગતાંકથી ચાલુ)

(अन्याक्रियमाणान्याकारकैकद्रव्यात्मिका अकार्यकारणत्वशक्तिः)

આ જ્ઞાનસ્વરૂપી આત્મદ્રવ્ય એવું છે કે અન્ય વડે તે કરાયેલું નથી એટલે 'અકાર્ય' છે અને કોઈ અન્યને કરતું નથી એટલે 'અકારણ; છે. આ રીતે જ્ઞાનસ્વભાવી આત્મા અકાર્યકારણપણારૂપ ધર્મથી સહિત છે. જેમ આત્મદ્રવ્ય પરના કાર્યકારણપણા વગરનું છે તેમ તેના સર્વે ગુણો ને પર્યાયો પણ પર સાથેના કાર્યકારણ વગરના છે.

આ ચૈતન્યદરિયામાં અનંત ગુણરત્નો ભર્યા છે, એકેક રત્ન મહાન છે, આવો મહા ચૈતન્ય–રત્નાકર આત્મા જગતમાં સૌથી શ્રેષ્ઠ રત્ન છે. આવા શ્રેષ્ઠ ચૈતન્ય–રત્નોનો મહા મોટો ભંડાર તું પોતે, ને બીજેથી તું સુખ લેવા જા—એ તો, મીઠા પાણીના દરિયામાં રહેતું માછલું પોતાની તરસ છીપાવવા બીજા પાસે પાણી માંગે એના જેવું છે. જેમ ચક્રવર્તી રાજા બીજા પાસે ભીખ માંગે એ શોભે નહી; તો ચક્રવર્તી પણ જેને સેવે એવો આ મોટો ચૈતન્યચક્રવર્તી, તે પોતાનું સુખ બીજા પાસે માંગે એ તેને શોભતું નથી. આત્મા પોતે પોતાના સ્વભાવના સેવનથી જ શોભે છે. હે જીવ! તારું રૂપ તો સ્વાધીનપણે પરિપૂર્ણ છે, તેને બદલે પરને લઈને મારામાં ગુણ થાય એમ તું માને છે તે તો તને મોહનું ભૂત વળગ્યું છે.

તારા કારણકાર્ય તારામાં છે – એ વાત સમજાવીને સંતોએ અપૂર્વ સ્વાધીનતાનું જ્ઞાન કરાવ્યું છે. સ્વાધીન હોવા છતાં પોતાને પરાધીન માની બેઠો હતો. ભાઈ, તારા કાર્યનું કારણ તારામાં જ છે, પરની સાથે તારા કોઈ પણ ગુણને કારણકાર્યપણું છે જ નહિ. બીજે શોધવાનું ક્યાં રહ્યું? અંતર્મુખ થઈને પોતાના સ્વભાવને જ સાધન બનાવ. સ્વભાવને સાધનપણે અંગીકાર કરતાં આત્મા પોતે સાધન થઈને કેવળજ્ઞાનાદિ કાર્યરૂપે પરિણમી જાય છે. પરના અવલંબને કે રાગના અવલંબને આત્મામાં કેવળજ્ઞાનાદિ કાર્ય થાય—એવો

પ્રથમ સાચા ગુરુ કોને કહેવાય? કે જેના ઉપદેશમાં એમ આવે કે હે જીવ ! વિકારી પરિણામ તું નથી, તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા–ભોક્તા પણ તું નથી, તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયકભાવ છો, તેની દ્રષ્ટિ કર! —પૂજ્ય ગુરુદેવશ્રી

આત્માનો સ્વભાવ નથી. તેમ જ પરવસ્તુમાં પણ એવો સ્વભાવ નથી કે તે આત્માને કાંઈ આપે અથવા આત્માનું સાધન થાય.

અહા! કેટલો સ્વાધીન સ્વભાવ! કેટલી નિરાકુળતા ને કેટલી શાંતિ!

અનંત ગુણના વૈભવવાળા આ આત્મામાં એવો કોઈ ગુણ નથી કે જે રાગને કરે ને કર્મને કારણરૂપ થાય અને આત્મગુણના આશ્રયે જે નિર્મળ પરિણતિ પ્રગટી તે પણ અન્યને (રાગને કે કર્મને) કારણરૂપે થતી નથી કે અન્યને પોતાનું કારણ બનાવતી નથી. ધર્મીનો આત્મા કારણ થઈને રાગને કરે કે મકાન વગેરેની રચના કરે—એમ નથી. જે શુભરાગ થાય તે રાગનું કારણ થવાનો આત્માનો સ્વભાવ નથી; તેમ જ પોતાના સ્વભાવકાર્યમાં રાગને કારણ બનાવે એવો પણ આત્માનો સ્વભાવ નથી. આવો સ્વભાવ જેણે પ્રતીતમાં લીધો તેને અકારણકાર્ય-સ્વભાવનું સમ્યક્ પરિણમન પ્રગટ્યું એટલે રાગાદિના કર્તૃત્વરહિત જ્ઞાનભાવપણે જ રહેતો તે મોક્ષને સાધે છે.

શરીરાદિના કોઈપણ કાર્યનું કારણ થાય એવો કોઈ સ્વભાવ આત્માના દ્રવ્યમાં, ગુણમાં કે પર્યાયમાં નથી તેમ જ શરીરાદિને કારણ બનાવીને આત્મા તેનાથી કાંઈ ધર્મ કરે—એવો પણ સ્વભાવ નથી. આત્માને કાંઈ આપે એવો સ્વભાવ જડમાં નથી ને જડમાંથી કાંઈ લ્યે એવો સ્વભાવ આત્મામાં નથી. આત્માને પરની સાથે કારણકાર્યપણાનો અભાવ છે, કારણકાર્યની વાત કાઢી નાંખીને પરની સાથેનો સંબંધ જ તોડી નાખ્યો એટલે હવે પોતાના ત્રિકાળી દ્રવ્ય-ગુણ સાથે જ પર્યાયનો સંબંધ થયો, પર્યાય પરથી પાછી વળીને સ્વદ્રવ્ય તરફ વળી; પોતાના શુદ્ધ દ્રવ્યગુણમાં એકાગ્ર થતાં પર્યાય પણ તેવી નિર્મળ થઈ. તે પર્યાયમાં પરની સાથે (રાગની સાથે) કારણકાર્યપણાનો કાંઈ સંબંધ નથી. આનું નામ ધર્મ, ને આ મોક્ષનો માર્ગ.

શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે—

છૂટે દેહાધ્યાસ તો નહીં કર્તા તું કર્મ, નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.

તેમ અહીં કહે છે કે —

છૂટે રાગ—અધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ, નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.

દેહ હું, રાગ હું ને તે મારું કાર્ય એવી જે રાગ સાથે એકત્વબુદ્ધિ તેને લીધે અજ્ઞાની

વિકારી પરિણામ તે પુદ્ગલના પરિણામ હોવાથી વિકારી પરિણામને ને પુદ્ગલને વ્યાપ્ય-વ્યાપકપણું છે, માટે રાગના પરિણામનો કર્તા પુદ્ગલ છે, જીવ રાગનો કર્તા નથી. —પૂજ્ય ગુરુદેવશ્રી

રાગાદિનો કર્તા થાય છે, હું તો જ્ઞાન છું, રાગ હું નથી ને રાગ મારા જ્ઞાનનું કાર્ય નથી– એવી ભિન્નતાના ભાન વડે જ્યાં રાગ સાથે એકતાબુદ્ધિનો અધ્યાસ છૂટી ગયો ત્યાં ધર્મી જીવ જ્ઞાનરૂપે પરિણમે છે, તે રાગાદિનો કર્તા-ભોક્તા થતો નથી. આવી દશા પ્રગટે તેનું નામ ધર્મ છે.

અશુદ્ધ ઉપયોગના નાશને માટે ધર્મી જીવ કેવી મધ્યસ્થ-ભાવના પ્રગટ કરે છે તેનું વર્ણન કરતાં પ્રવચનસારમાં કહે છે કે—

હું દેહ નહીં, વાણી ન, મન નહીં, તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬૦.

જેને દેહાદિના કાર્યો પ્રત્યે કર્તૃત્વબુદ્ધિ હોય તેને તેમાં મધ્યસ્થતા રહી શકે જ નહીં. ધર્મી જાણે છે કે હું દેહાદિનો આધાર નથી, કર્તા નથી, કારણ નથી; મારા આધાર વિના જ, મારા કર્તૃત્વ વિના જ, મારા કારણ થયા વિના જ, તેઓ સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે; માટે તેના પક્ષપાત રહિત હું અત્યંત મધ્યસ્થ છું. જ્ઞાનસ્વરૂપ આત્માનો આવો મધ્યસ્થ સ્વભાવ છે.

ધર્મીએ આવો આત્મા જાણ્યો છે. બધાય આત્માનો આવો જ સ્વભાવ છે પણ અજ્ઞાની તેને જાણતો નથી, વિપરીત માને છે ને જ્ઞાની તેને યથાર્થ જાણે છે. આત્મા બીજાનું કાંઈ ન કરી શકે તો તો તે શક્તિહીન થઈ ગયો—એમ અજ્ઞાનીને લાગે છે, પણ ભાઈ! તારી સ્વશક્તિ તો તારામાં કામ કરે કે પરમાં? તારો આત્મા પરના કામ કરે ને પર ચીજ તારા આત્માનું કામ કરે—તો તારા કાર્ય માટે તારે પર સામે જ જોવાની ઓશીયાળ રહી—એ તો મહા વિપરીતતા છે, પરાધીનતા છે, દુઃખ છે. તારી સ્વશક્તિ તારામાં સ્વાધીનપણે નિજકાર્ય કરે છે, પોતાના કાર્ય માટે તેને પરની જરાય અપેક્ષા નથી. આવું અકારણ કાર્યપણું તારા આત્મામાં છે, તેમ જ બધાય પદાર્થોમાં છે. તારા અકારણ કાર્યસ્વભાવને લીધે તારા બધા ગુણોમાં ને તેની પર્યાયોમાં અકારણ અકાર્યપણું છે, તારા એક્કેય ગુણમાં કે એક્કેય પર્યાયમાં પર સાથે કારણકાર્યપણું નથી. તારો સ્વભાવ કારણ ને તારી પર્યાય કાર્ય; શુદ્ધસ્વભાવરૂપ જે કારણ તેનું કાર્ય પણ શુદ્ધ છે, અશુદ્ધતા તે ખરેખર શુદ્ધશક્તિનું કાર્ય નથી. અશુદ્ધતાનું કારણ થવાનો કોઈ ગુણ આત્મામાં નથી. આવી શુદ્ધશક્તિવાળા જ્ઞાનમાત્ર આત્માને સમ્યગ્દૃષ્ટિ દેખે છે. *(ક્રમશઃ)*

વિકૃતભાવ વસ્તુમાં નથી, એનાથી રહિત આખી ચીજ પડી છે. વિકૃતભાવથી ભેદ પાડવો; બસ એ જ કરવાનું છે, બીજું તો બધું જુદું જ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

✻ શ્રોતા :—જ્ઞાન ઉપરથી જ્ઞાયક સુધી તો જ્ઞાન લંબાય છે, પરંતુ આત્મા અનંત શક્તિવાળો છે એ જ્ઞાન ઉપરથી નક્કી કરવું અઘરું પડે છે?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાનગુણ અને ગુણી આત્મા તે ગુણ-ગુણીનો ભેદ છે. તે ભેદ ઉપર દૃષ્ટિ નથી મૂકવાની, જ્ઞાન તો દરેક માણસને પકડાય એવું છે. તે અસાધારણ ગુણ છે ને! જ્ઞાન ઉપરથી જ્ઞાયક પકડાય, પણ અનંત શક્તિ કાંઈ પકડાતી નથી. એ તો વિચારમાં નક્કી કરવાની છે. અનંત શક્તિ તેને દેખાતી નથી. દૃષ્ટિનો વિષય તો એક જ્ઞાયક જ છે. જ્ઞાયકની અંદર અનંત ગુણ આવી જ જાય છે. તે જ્ઞાયક કેવો છે? તે મહિમાવંત છે, અનંત ગુણોથી ભરપૂર છે, શાસ્ત્રમાં આવે છે કે જ્ઞાયક અનંત ગુણથી ભરપૂર છે. તે યુક્તિથી નક્કી થાય છે અને અનુભૂતિમાં પણ આવે છે. પણ તે પોતાને પ્રત્યક્ષ ન દેખાય, તે તો કેવળજ્ઞાનગમ્ય છે. તેના ભાવો અનુભૂતિમાં આવે છે ને અનુમાન પ્રમાણથી જાણી શકે છે. અનંત શક્તિ ઉપર જુદું જુદું લક્ષ આપવું પડતું નથી કે આ જ્ઞાન છે, આ ચારિત્ર છે, પ્રભુત્વ છે, વિભુત્વ છે. કેટલાક ગુણો શાસ્ત્રમાં આવે છે, બધા તો આવતા નથી. છતાં બધા ઉપર જુદું-જુદું લક્ષ દઈને જુદા-જુદા વિકલ્પ કરી અટકવું પડતું નથી. એક અભેદ જ્ઞાયક ગ્રહણ થયો તેમાં બધું આવી જાય છે. અનંત ગુણ અનુમાનથી તથા યુક્તિથી જાણી શકે છે. શ્રુતજ્ઞાન દ્વારા બધા ગુણો જણાય છે.

✻ શ્રોતા :—પુદ્ગલની શક્તિ દેખાય છે, પણ આત્મામાં અનંત શક્તિ છે તે કેવી રીતે ખ્યાલમાં આવે?

પૂજ્ય બહેનશ્રી :—પુદ્ગલ ઈન્દ્રિયજ્ઞાનથી દેખાય છે એટલે તેમાં શક્તિ છે તેવો ખ્યાલ આવે છે પણ આત્મામાં અનંત શક્તિ છે, તેમાંનો એક જ્ઞાનગુણ લઈએ તો તે પોતાના ક્ષેત્રમાં રહીને આખા લોકાલોકને જાણી શકે છે, તેવી તેનામાં અપૂર્વ શક્તિ છે. પોતે બહાર કંઈ લેવા જતું નથી, બહારથી કાંઈ અંદર આવતું નથી અને કોઈ તેને કાંઈ

હે જ્ઞાનના ઇચ્છક પુરુષ! સાંભળ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. —પૂજ્ય ગુરુદેવશ્રી

કહેતું નથી તોપણ જ્ઞાન —કે જેને મર્યાદા નથી તે—પોતાના ક્ષેત્રમાં રહીને જાણે છે. એવું જ્ઞાનનું અપૂર્વ અનંત સામર્થ્ય છે. તે પોતાના ક્ષેત્રમાં રહીને જગતમાં અનંતા જીવો છે, અનંતા પુદ્ગલો છે, નરક છે, સ્વર્ગ છે વગેરે આખું લોકાલોક છે તેને અને ગયો કાળ વીતી ગયો, ભવિષ્યકાળ વીતશે તે બધાને જ્ઞાનની અંદર એક સમયમાં જાણી લે છે. પાછો અંતર્મુહૂર્તનો કાળ પણ લાગતો નથી ને તેને ક્રમ પડતો નથી. કેવળજ્ઞાનીનું જ્ઞાન એક સમયની અંદર બધું જાણી શકે છે તેવી જ્ઞાનની શક્તિ છે. પણ પોતાને પ્રત્યક્ષ દેખાતું નથી એટલે તેનો વિશ્વાસ આવવો મુશ્કેલ પડે છે. અનંતા પરમાણુને જ્ઞાન એક સમયમાં જાણી લે તેવી જ્ઞાનની અનંતી શક્તિ છે.

મુનિરાજ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા હોય છે તેમાંથી કોઈને એવું જ્ઞાન અંતરમાંથી પ્રગટે છે કે પોતે પોતાના ક્ષેત્રમાં રહીને અઢી દ્વીપના જીવોના મનની વાત જાણી લે છે – તેવું મનઃપર્યયજ્ઞાન પ્રગટે છે. એવી બધી શક્તિઓ આત્મામાં છે, પણ તેનો વિશ્વાસ પોતાને આવવો જોઈએ. આત્મા પોતે ક્ષેત્રાંતર કરીને એક સમયની અંદર ઊર્ધ્વલોકમાં—સિદ્ધાલયમાં પહોંચી જાય છે તેવી એનામાં શક્તિ છે. વિચાર કરે તો આત્મામાં અનંતી શક્તિઓ છે તે ખ્યાલમાં આવે છે. તેનો અસ્તિત્વગુણ એવો છે કે લોકાલોકનાં ગમે તેટલાં દ્રવ્યો ભેગાં થાય તોપણ પોતાનો નાશ થતો નથી. એટલી અસ્તિત્વગુણની શકિત છે. નિગોદમાં ગયો ત્યાં, સોયની અણી જેટલા ક્ષેત્રમાં, કેટલાય જીવો રહે છે તોપણ પોતાના અસ્તિત્વનો નાશ થતો નથી. એવી રીતે જ્ઞાનગુણની પણ એવી શક્તિ છે કે તેની જ્ઞાયકતાનો (જ્ઞાનપણે રહેવાનો) નાશ થતો નથી. આમ એવી એક એક ગુણમાં અનંતી શકિત છે અને સંખ્યામાં પણ અનંતા ગુણો છે. *

---

(સ્વરૂપમાં એકાગ્રતા..... અનુસંધાન પેઈજ નંબર ૯થી ચાલુ)

તેમાં જે ઠર્યો એ જ ચિદાનંદસંપદાવાળો તપોધન છે. રાગમાં અટકીને પડ્યો છે ને પોતાને યોગી માને છે એ લૂંટાઈ રહ્યો છે તે યોગી નથી. જે ચૈતન્યમાં લીન છે તે જ યોગી છે તે જ ધ્યાની છે અને તે જ તપોધન છે—એમ નિઃસંદેહ જાણવું. 'પૂર્ણ શુદ્ધ સ્વરૂપ' કહેતાં 'શુદ્ધ' શબ્દમાં ઘણી મહિમા છે. જેની એક એક પર્યાયની શુદ્ધતાની અનંત તાકાત છે એવા અનંત સિદ્ધોમાં જેનું મન એકાગ્ર છે તે યોગી છે, તે ધ્યાની છે અને તેને ચૈતન્યની લક્ષ્મી પ્રાપ્ત થઈ હોવાથી તપોધન છે. બાકી બધા ભિખારી છે. (ક્રમશઃ)❑

જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે તે શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જવાના છે તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા પુદ્ગલ છે, શુદ્ધ જીવ કર્તા નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી ચર્ચા આપવામાં આવી છે.)

* શ્રોતા :—આત્મદ્રવ્યનો મહિમા વિશેષ છે કે તે દ્રવ્યને લક્ષમાં લેનારી પર્યાયનો મહિમા વિશેષ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મદ્રવ્યનો મહિમા વિશેષ છે. પર્યાય દ્રવ્યનું લક્ષ કરે ત્યારે મોક્ષમાર્ગની શરૂઆત થાય છે તે અપેક્ષાએ પર્યાયનો મહિમા કહેવાય, પણ પર્યાય તો એક સમયની છે અને દ્રવ્ય તો પર્યાયથી અનંત અનંત ગુણા સામર્થ્યવાળું ત્રિકાળી મહાપ્રભુ છે, તેથી દ્રવ્યનો મહિમા જ વિશેષ છે.

* શ્રોતા :—નિયમસારમાં સંવર-નિર્જરા-મોક્ષતત્ત્વને પણ સારરૂપ નથી કહ્યું, તેમાં શું રહસ્ય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મા જ એક સર્વ તત્ત્વોમાં સારરૂપ છે. સંવર, નિર્જરા ને મોક્ષ ઉત્પન્ન કરવાની અપેક્ષાએ હિતરૂપ અને સારરૂપ કહેવાય છે તેને પણ અહીં નિયમસારમાં સારરૂપ કહેતા નથી કેમ કે તે પર્યાય છે, નાશવાન છે, ક્ષણિક છે અને આત્મા તો અવિનાશી ધ્રુવ હોવાથી સારરૂપ છે. સંવરાદિ તત્ત્વો તો નાશ પામવા યોગ્ય ભાવ છે તેનાથી અવિનાશી ભગવાન આત્મા દૂર છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-વીર્ય આદિ ભાવો-પર્યાયો વિનાશીક હોવાથી સારરૂપ નથી. અવિનાશી ભગવાન આત્મા સારરૂપ હોવાથી વિનાશીક ભાવોથી દૂર છે. આહાહા! પર્યાયની સમીપ ધ્રુવ ભગવાન પડ્યો છે તે જ એક સારરૂપ હોવાથી દૃષ્ટિમાં લેવા યોગ્ય છે અને બીજું બધું અસારરૂપ છે.

* શ્રોતા :—ઉપયોગ લક્ષણ કોનું છે? તેને કોનું અવલંબન છે–કોના અવલંબનથી પ્રગટ થાય છે? તે ઉપયોગની અસ્તિ ક્યા કારણથી છે અને ક્યા કારણથી નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઉપયોગ આત્માનું લક્ષણ છે, તેને જ્ઞેય પદાર્થોનું આલંબન નથી. આત્માના આલંબનથી ઉપયોગ પ્રગટ થાય છે, બાહ્ય પદાર્થોના આલંબનથી ઉપયોગ પ્રગટ થતો નથી. આત્માને તો પર પદાર્થોનું આલંબન નથી પણ તેના ઉપયોગને પણ બાહ્ય પદાર્થોનું આલંબન નથી. ઉપયોગ લક્ષણને લક્ષ્ય એવા આત્માનું આલંબન છે. પરપદાર્થોના આલંબનથી એટલે કે દેવ-ગુરુ-જિનવાણીના આલંબનથી આત્માનો ઉપયોગ પ્રગટ થતો નથી પણ સ્વના આલંબનથી જ ઉપયોગ પ્રગટ થાય છે. ઉપયોગની અસ્તિ જ્ઞેય પદાર્થોને

લઈને નથી પણ તે જેનું લક્ષણ છે એવા આત્માથી અસ્તિરૂપ છે. તે ઉપયોગને પરનું આલંબન કેમ હોય? ઘણું વાંચે, ઘણું સાંભળે માટે શુદ્ધિની વૃદ્ધિ થાય છે એમ નથી પણ શુદ્ધિની વૃદ્ધિ આત્માના આલંબને થાય છે.

✽ શ્રોતા :—સીમંધરનો અર્થ શું છે? શું આત્મા સીમંધર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સીમંધર એટલે વસ્તુ મર્યાદાવાળી છે. પ્રભુ તું મર્યાદિત છો, તારી સીમા—તારી મર્યાદા એ છે કે તું રાગમાં ન જાય, રાગને ન કરે, તેથી મર્યાદાનો—સીમાનો ધારક આત્મા પોતે જ સીમંધર છે.

✽ શ્રોતા :—ત્રિકાળી આત્મદ્રવ્યના આશ્રયે જ ધર્મ થાય એનું શું કારણ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ત્રિકાળી આત્મદ્રવ્ય એ જ મૂળ વસ્તુ છે. ત્રિકાળી દ્રવ્યમાં આનંદ ભર્યો છે, તેથી ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેતાં પર્યાયમાં આનંદરૂપ ધર્મદશા પ્રગટ થાય છે.

---

## શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા
## પૂજ્ય ગુરુદેવશ્રીના ૭૯ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૭૯મા વર્ષનો મંગલ ઉત્સવ શ્રી હીરાચંદ ત્રિભોવનદાસ દામાણી પરિવાર હસ્તે બ્ર. જસીબેન દામાણી, સોનગઢ દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં દ્વિદિવસીય મહોત્સવરૂપે ચૈત્ર સુદ-૧૧ સોમવાર તા. ૨૨-૪-૨૦૧૩ થી ચૈત્ર સુદ-૧૩ મંગળવાર તા. ૨૩-૪-૨૦૧૩ સુધી પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## પૂજ્ય બહેનશ્રીની ૮૧મી સમ્યક્ત્વજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૧મા સમ્યક્ત્વજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૨૩-૨-૨૦૧૩, શનિવારના રોજ સાનંદ સંપન્ન થઈ. સવારે જિનેન્દ્ર પૂજન પછી પ્રવીણાબેન મહેતા (મધુરભાઈ મહેતા)ના નિવાસસ્થાનેથી મંગલપત્રિકા વાજતે ગાજતે સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી પત્રિકાનું વાંચન તથા લેખનવિધિ અનેક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં સાનંદ સંપન્ન થઈ. શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહિલા સમાજ, સોનગઢ વતી બ્ર. કોકિલાબેને પત્રિકાનું વાંચન કર્યું હતું.

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત








# છઢાળા અધ્યયન વર્ષ

## સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ

## પ્રશ્નપત્ર ક્રમાંક-૬ (કુલ માર્ક્સ-૫૦)

---

**અભ્યાસ ક્રમ – છઢાળા : છઠ્ઠી ઢાળ**

પરીક્ષાર્થીનું નામ : ........................................................ ઉંમર : ..........
મંડળનું નામ : ........................................................ ગામનું નામ : ...............
ફોન નં. : ........................................................ તા. ૨૫-૨-૨૦૧૩

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોનં ઉત્તર છટંળં અંધંરિં અંપ્વંન રહેશે.

---

**પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના ઉત્તર કડી સાથે લખો. (૧૨)**

(૧) ગ્રંથકારે છઢાળાની છઠ્ઠી ઢાળમાં શાનું સ્વરૂપ બતાવ્યું છે ?
(૨) ગ્રંથકારે મુનિરાજના અહિંસા મહાવ્રતનું સ્વરૂપ શું અને ક્યા ભેદોથી બતાવ્યું છે ?
(૩) મુનિરાજના સત્ય તથા અચૌર્ય મહાવ્રતનું સ્વરૂપ શું છે ?
(૪) મુનિરાજના બ્રહ્મચર્યવ્રતનું સ્વરૂપ શું છે ? તેઓ શામાં રમે છે ?
(૫) મુનિરાજના અપરિગ્રહ વ્રતમાં મુનિરાજને ક્યા પરિગ્રહોનો ત્યાગ હોય છે ?
(૬) મુનિરાજની ભાષા સમિતિનું વર્ણન ગ્રંથકારે ક્યા પ્રકારે કર્યું છે ?
(૭) મુનિરાજની એષણા સમિતિનું સ્વરૂપ બતાવો.
(૮) મુનિરાજની આહાર નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન સમિતિનું સ્વરૂપ બતાવો.

**પ્રશ્ન : ૨ નીચે આપેલ શબ્દોમાંથી કોઈપણ છ શબ્દોના અર્થ વધુમાં વધુ બે લીટીમાં સમજાવો. (૧૨)**

(૧) દ્રવ્યહિંસા (૨) અંતરંગ-પરિગ્રહ (૩) ષટ્કાય (૪) પ્રમાદ (૫) સકલ સંયમ
(૬) સુબુદ્ધિ-છૈની (૭) અનુભવ (૮) સુગુણકરંડ (૯) અષ્ટમ ભૂ.

**પ્રશ્ન : ૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ પ્રશ્નના ઉત્તર વધુમાં વધુ પાંચ લીટીમાં લખો. (૧૫)**

(૧) મુનિરાજના છ આવશ્યક સમજાવો. (૨) મુનિરાજના મૂળગુણો પૈકીના સાત ગુણો ક્યા છે ?
(૩) મુનિરાજની સમતાનું વર્ણન ગ્રંથકારે ક્યા પ્રકારે કર્યું છે ?
(૪) મુનિરાજની ત્રણ ગુપ્તિ કઈ રીતે હોય તે સમજાવો. (૫) મુનિરાજ શાના ઉપર વિજય મેળવે છે ?

**પ્રશ્ન : ૪ નીચે આપેલા વિષયોમાંથી ગમે તે એક વિષય ઉપર નિબંધ લખો. (૧૧)**

**આ પ્રશ્નનો ઉત્તર વધુમાં વધુ ૨૦ લીટીમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો તથા વીતરાગ-વિજ્ઞાન(છઢાળા પ્રવચનો)ના આધારે પોતાના શબ્દોમાં લખવો.**

(૧) મુનિરાજનું સ્વરૂપાચરણચારિત્ર અને તેમાં સુખનું સ્વરૂપ (૨) મુનિરાજને શુદ્ધોપયોગનું ફળ
(૩) ધન્ય મુનિરાજ અને ગ્રંથકારનો હિતકારી ઉપદેશ

## વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

# * ધાર્મિક શિક્ષણવર્ગ *

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૮-૫-૨૦૧૩ બુધવારથી થી તા. ૨૭-૫-૨૦૧૩ સોમવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ વીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિ:શુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક- શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮


| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૧૩

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૦ થી ૬-૩૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

* **શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિકા-મહોત્સવ :—**સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૭૩મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૬-૩-૨૦૧૩, બુધવારથી તા. ૧૩-૩-૨૦૧૩, (ફાગણ સુદ ૨) બુધવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાનજિન મંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

* **શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :—**શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૨૯મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, ગુરુવાર, તા. ૧૪-૩-૨૦૧૩ થી ફાગણ સુદ ૭, સોમવાર તા. ૧૮-૩-૨૦૧૩ સુધી આનંદોલ્લાસસહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

* **ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :—**ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૨૦-૩-૨૦૧૩, બુધવારથી તા. ૨૭-૩-૨૦૧૩, બુધવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

* **પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :—**ફાગણ સુદ ૧૩, સોમવાર, તા. ૨૫-૩-૨૦૧૩ના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૪૦ મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

---

## *વૈરાગ્ય સમાચાર :–*

ભોપાલનિવાસી પં. શ્રી રાજમલજી તા. ૩-૧-૧૩ના રોજ શાંતપરિણામપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

આગ્રાનિવાસી પં. શ્રી પદમચંદ્ર જૈન સર્રાફના પુત્ર શ્રી નિર્મલકુમાર જૈન સર્રાફ તા. ૨૩-૧-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

નાઈરોબીનિવાસી પ્રેમચંદ મૂળજી લખમશી તા. ૨૭-૧-૧૩ના રોજ જામનગરમાં સ્વર્ગવાસ પામ્યા છ.

**શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહિલા સમાજ-સોનગઢ**

**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૧મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો "ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ" સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૧મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૫-૪-૨૦૧૩ શુક્રવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. "સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૧-૪-૨૦૧૩ સોમવારથી તા. ૫-૪-૨૦૧૩ શુક્રવાર—પાંચદિવસ સુધી, શ્રી 'રત્નત્રયમંડળ પૂજન-વિધાન', પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના ભક્તિસભર પ્રવચનો, ધાર્મિક શિક્ષણવર્ગ, વિશેષ ભક્તિ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહિલા સમાજ-સોનગઢ દ્વારા અતિ આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૨૩-૨-૨૦૧૩ શનિવારે સોનગઢમાં સાનંદ સંપન્ન થઈ.

*નિમંત્રક*

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહિલા
સમાજ–સોનગઢના
જય–જિનેન્દ્ર

*

આત્મધર્મ
માર્ચ-૨૦૧૩
અંક-૭ ✻ વર્ષ-૭

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી

જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઉતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે મારે આમ છે ને તેમ છે—તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને! ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**